# ગુજરાત સાહિત્ય અકાદમી

અને

## 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના

સંયુક્ત ઉપક્રમે

# "નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ"

## સર્જક અને સંવાદ: રામ મોરી સાથે 'સત્યભામા'ની રૂબરૂ મુલાકાત તથા કવયિત્રી સંમેલન

| તારીખ :03/03/2026 | કાર્યક્રમની રૂપરેખા | સમય: સવારે 10:30 કલાકે |
|---|---|---|

| | સમય | વિગતો | તજજ્ઞશ્રીઓનું નામ |
|---|---|---|---|
| **Inauguration Venue:**<br>ગૌતમ સભાગાર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>ઓપન યુનિવર્સિટી<br>* * * *<br>**સંયોજક:**<br>**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ**<br>"ગાર્ગી" મહિલા સર્વાંગીણ<br>વિકાસ કેન્દ્ર<br>તથા<br>પ્રોફેસર અને અધ્યક્ષશ્રી,<br>લાયબ્રેરી & ઈન્ફોર્મેશન<br>સાયન્સ<br>* * * *<br>**સંચાલન :**<br>**ડૉ. હિનાબેન ડી.રાવલ**<br>"ગાર્ગી" સહ-સંયોજક<br>તથા<br>આસિસ્ટન્ટ પ્રોફેસર –<br>શિક્ષણશાસ્ત્ર | 10:30 | દીપ પ્રાગટ્ય | |
| | 10:35 | મંચસ્થ મહાનુભાવોનું<br>સ્મૃતિચિન્હથી સ્વાગત | |
| | 10:40 | પ્રાસંગિક<br>અને<br>શાબ્દિક સ્વાગત | **ડૉ. નિશા જોષી**<br>નિયામકશ્રી,<br>સ્ટુડન્ટ ડેવલપમેન્ટ |
| | 10:50 | સાહિત્ય સર્જકનું વક્તવ્ય<br>રામ મોરી સાથે "સત્યભામા" ની<br>રૂબરૂ મુલાકાત | **શ્રી રામ મોરી**<br>સાહિત્ય સર્જક |
| | 11:20<br>(પ્રત્યેક<br>કવયિત્રીઓ<br>માટે 10<br>મિનીટ) | કવયિત્રી સંમેલન | 1. ડૉ. ઉષા ઉપાધ્યાય<br>2. શ્રી રક્ષા શુક્લા<br>3. શ્રી કાલિન્દી પરીખ<br>4. શ્રી પૃથા સોની<br>5. શ્રી દેવાંગી ભટ્ટ<br>6. શ્રી ગોપાલી બુચ |

| | | | |
|---|---|---|---|
| | 12:20 | અધ્યક્ષીય ઉદ્બોધન | **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**<br>કુલગુરુશ્રી,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>ઓપન યુનિવર્સિટી |
| | 12:35 | આભારવિધિ | **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત**<br>"ગાર્ગી" સહ-સંયોજક<br>તથા<br>આસિસ્ટન્ટ પ્રોફેસર –<br>સમાજશાસ્ત્ર<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>ઓપન યુનિવર્સિટી |
| | 12:40 | રાષ્ટ્રગાન | |
| | 12:45 | ભોજન | |
| કાર્યક્રમ<br>અહેવાલ લેખન | ડૉ. ભાગ્યશ્રી રાજપૂત<br>તથા<br>ડૉ. હિનાબેન ડી.રાવલ | | |

# પ્રસ્તાવના અને આયોજનનો ભવ્ય હેતુ

આજ રોજ તા. ૦૩/૦૩/૨૦૨૬ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગરિમાપૂર્ણ પ્રાંગણમાં સાહિત્ય, સંસ્કૃતિ અને નારી શક્તિનો એક અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમી અને યુનિવર્સિટીના 'ગાર્ગી' – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર દ્વારા 'નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ'નું અત્યંત ભવ્ય અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પાછળનો પાયાનો વિચાર સાહિત્યિક ગોષ્ઠી તેમજ સ્ત્રી સર્જકોની લેખિનીને વૈશ્વિક સ્તરે બિરદાવવાનો, નારી સર્જનાત્મકતાને એક નવું આકાશ પૂરું પાડવાનો અને સમાજમાં નારીના દ્રષ્ટિકોણને સાહિત્યના માધ્યમથી સશક્ત રીતે સ્થાપિત કરવાનો હતો. આ મહોત્સવ દ્વારા એ સમજાવવાનો પ્રયત્ન થયો હતો કે બદલાતા સમય સાથે સ્ત્રી સંવેદના કઈ રીતે કાગળ પર ઉતરે છે અને તે કઈ રીતે સામાજિક ચેતના જગાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આધુનિક યુગમાં સ્ત્રીનો અવાજ જ્યારે સાહિત્યમાં પ્રતિધ્વનિત થાય છે, ત્યારે તે એક નવી ક્રાંતિનું નિર્માણ કરે છે, જે આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર રહ્યું હતું.

સવારે 10.30 કલાકે કાર્યક્રમનો પ્રારંભ ભારતીય સંસ્કૃતિની પરંપરાગત વિધિ મુજબ મંગલ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો.





દીપકનો પ્રકાશ જ્ઞાન અને ચેતનાનું પ્રતીક છે, જે આ મહોત્સવના ઉદ્દેશ્યને સાર્થક કરતો હતો. વંદનાના મધુર, પવિત્ર અને લયબદ્ધ સૂર સાથે સમગ્ર ગૌતમ સભાગાર એકાએક ભક્તિમય અને સાહિત્યિક વાતાવરણમાં ગરકાવ થઈ ગયું હતું. આ આધ્યાત્મિક વાતાવરણની અસર શ્રોતાઓના માનસપટલ પર સ્પષ્ટપણે જોવા મળી રહી હતી. મંચસ્થ મહાનુભાવોનું યુનિવર્સિટીની વર્ષો જૂની અને સમૃદ્ધ પરંપરા મુજબ સ્મૃતિચિન્હ દ્વારા અત્યંત આત્મીયતા અને ભાવભીના હૃદયે સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની વિધિવત ભૂમિકા અને સ્વાગત પ્રવચન યુનિવર્સિટીના સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વિભાગના નિયામક ડૉ. નિશા જોષી દ્વારા અત્યંત પ્રભાવશાળી અને આકર્ષક શૈલીમાં કરવામાં આવ્યું હતું. તેમણે પોતાની વાણી દ્વારા સભામાં ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમણે અત્યંત ભાવસભર, ગરિમાપૂર્ણ અને આદરયુક્ત શબ્દોમાં મંચ પર બિરાજમાન તમામ દિગ્ગજ સાહિત્ય સર્જકો અને રાજ્યભરમાંથી પધારેલા આમંત્રિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. ડૉ. નિશા જોષીએ દરેક કલાકાર અને સર્જકના સાહિત્ય જગતમાં રહેલા અમૂલ્ય પ્રદાનની ખૂબ જ ઝીણવટભરી અને વિગતવાર સરાહના કરી હતી. તેમના આ વક્તવ્યએ કાર્યક્રમની એક મજબૂત વૈચારિક અને સંવેદનાત્મક ભૂમિકા બાંધી આપી હતી, જેના કારણે આગળના સત્રો માટે પ્રેક્ષકોમાં ભારે જિજ્ઞાસા જાગી હતી.



# પ્રથમ સત્ર



BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
મુખ્ય સંરક્ષક
પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય
ગુજરાત સાહિત્ય અકાદમી
અને
"ગાર્ગી"- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના
સંયુક્ત ઉપક્રમે
શ્રી રામ મોરી
સાહિત્ય સર્જક
નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ
સર્જક અને સંવાદ : રામ મોરી સાથે "સત્યભામા" ની રૂબરૂ મુલાકાત
તારીખ: ૦૩ માર્ચ, ૨૦૨૬
સમય: ૧૦:૩૦




BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
NAAC ACCREDITED A++
Accorded with CATEGORY 1 UNIVERSITY UGC
ગુજરાત સાહિત્ય અકાદમી
અને
"ગાર્ગી"- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના
સંયુક્ત ઉપક્રમે
નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ
સ્વાગતમ્
સર્જક અને સંવાદ :
રામ મોરી સાથે "સત્યભામા" ની રૂબરૂ મુલાકાત
શ્રી રામ મોરી
સાહિત્ય-સર્જક
સ્થળ:
ગૌતમ હોલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
તારીખ: ૦૩ માર્ચ, ૨૦૨૬
સમય: ૧૦:૩૦

## વિશેષ સંવાદ: રામ મોરી સાથે ‘સત્યભામા’ની રૂબરૂ મુલાકાત

મહોત્સવનું સૌથી આકર્ષક, સંવેદનાસભર અને શ્રોતાઓને જકડી રાખનાર પાસું “સર્જક અને સંવાદ” સત્ર હતું. આધુનિક ગુજરાતી સાહિત્યના અત્યંત તેજસ્વી હસ્તાક્ષર અને યુવા સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનિત શ્રી રામ મોરી સાથે તેમની બહુચર્ચિત કૃતિ ‘સત્યભામા’ વિશે વિગતવાર સંવાદ યોજાયો હતો. આ સત્ર પુસ્તક વિશેની ચર્ચા ન રહેતા સ્ત્રીના અસ્તિત્વના મૂળ સુધી જતો બૌદ્ધિક પ્રવાસ બની રહ્યો હતો, જેણે પૌરાણિક કથાઓને આધુનિક સંદર્ભમાં મૂલવવાની એક નવી દ્રષ્ટિ પૂરી પાડી હતી.



શ્રી રામ મોરીએ સત્યભામાના પાત્ર દ્વારા સ્ત્રીના સ્વાભિમાનને નવો વળાંક આપતા પુસ્તકના અત્યંત ધારદાર અંશો ટાંક્યા હતા. તેમણે સત્યભામાના શબ્દોમાં કૃષ્ણ પ્રત્યેનો પ્રખર અધિકારભાવ વ્યક્ત કરતા કહ્યું: *"કૃષ્ણ, હું મારું ભાગ્ય સૌભાગ્ય વહેંચી દઉં પણ તમને નહીં વહેંચી શકું. તમે કંઈ ગોકુળની ગોપીઓના શીંકેથી ચોરાયેલું માખણનું માટલું નથી કે બધાની હથેળીએ અને હોઠે બિરાજો. તમે કંઈ નિધિવનનો મોર નથી જેની કળા ચૌદભુવન જોઈ શકે."*

આ સંવાદો દ્વારા તેમણે પ્રસ્થાપિત કર્યું કે સત્યભામા એ પોતાના અસ્તિત્વ, પ્રેમ અને અધિકાર માટે સજાગ એવી આધુનિક જાગૃત નારીનું સાહિત્યિક પ્રતિબિંબ છે. તે સ્ત્રીની પસંદગી અને સ્વતંત્રતાનો અવાજ છે જે ઇતિહાસના પાનાઓમાંથી બહાર આવીને વર્તમાન સાથે સંવાદ કરે છે. સંવાદ દરમિયાન રામ મોરીએ સ્ત્રીના આંતરિક દ્વંદ્વ અને જટિલ સામાજિક માળખા સામે ઉઠતા પાયાના પ્રશ્નોની ગહન છણાવટ કરી.

સત્યભામાના માધ્યમથી તેમણે કૃષ્ણના 'નિત્ય પ્રવાસી' સ્વભાવ સામે પણ આંગળી ચીંધી અને પ્રેમમાં રહેલી માલિકી હક અને સમર્પણ વચ્ચેની પાતળી રેખાને સ્પષ્ટ કરી: *"બધા માટે ઉપલબ્ધ હોવું એમાં આપણું માન નહીં વાતે વાતે તમારા રાજ્યની દરેક સમસ્યાનાં સમાધાન માટે કૃષ્ણને શું કામ તેડાવો છો?"* આ વિધાનો દ્વારા લેખકે સ્ત્રીના તેજસ્વી સ્વરૂપ અને તેની રક્ષણાત્મક શક્તિને ઉજાગર કરી છે, જે પોતાના પ્રેમ અને આત્મસન્માન માટે યમ સાથે લડવા પણ સક્ષમ છે. આ પ્રસ્તુતિમાં સ્ત્રીના કોમળ હૃદયની સાથે તેની મક્કમતાના પણ દર્શન થયા હતા.



આ વ્યાખ્યાને સભામાં ઉપસ્થિત દરેક શ્રોતાને એ વિચારવા મજબૂર કર્યા કે સ્ત્રીને ત્યાગ, સહનશીલતા અને સમર્પણની મૂર્તિ તરીકે જોવી એ એકપક્ષીય અને સંકુચિત અભિગમ છે. સત્યભામાનો ક્રોધ, તેની જીદ અને તેની સ્પષ્ટવક્તા એ ખરેખર તો તેની આંતરિક શક્તિ, પવિત્રતા અને પ્રેમની પરાકાષ્ઠા છે. આ સંવાદે ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને પૌરાણિક પાત્રોમાં છુપાયેલી



આધુનિકતાના દર્શન કરાવી, વર્તમાન સમયમાં નારીની મજબૂત બનતી ભૂમિકા અને તેના આત્મવિશ્વાસનો ઊંડો અહેસાસ કરાવ્યો હતો.

# દ્વિતીય સત્ર


BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
NAAC ACCREDITED A++
મુખ્ય સંરક્ષક
પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય
ગુજરાત સાહિત્ય અકાદમી
અને
"ગાર્ગી"- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના
સંયુક્ત ઉપક્રમે
નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ
કવયિત્રી સંમેલન
તારીખ: ૦૩ માર્ચ, ૨૦૨૬
સમય: ૧૧:૩૦
સ્થળ: ગૌતમ હોલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ


BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
NAAC ACCREDITED A++
Accorded with CATEGORY 1 UNIVERSITY by UGC
ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાત સાહિત્ય અકાદમી
અને
"ગાર્ગી"- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના
સંયુક્ત ઉપક્રમે
નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ
સ્વાગતમ્
કવયિત્રી સંમેલન
સ્વાગતમ્
ડૉ. ઉષા ઉપાધ્યાય
શ્રી રક્ષા શુક્લા
શ્રી પૃથા સોની
શ્રી દેવાંગી ભટ્ટ
શ્રી કાલિન્દી પરીખ
શ્રી ગોપાલી બુચ
સ્થળ: ગૌતમ હોલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
તારીખ: ૦૩ માર્ચ, ૨૦૨૬
સમય: ૧૦:૩૦

## કવયિત્રી સંમેલન: શબ્દોના શમણાં

કાર્યક્રમના બીજા તબક્કામાં કવયિત્રી સંમેલન યોજાયું હતું, જેમાં ગુજરાતની નામાંકિત કવયિત્રીઓએ પોતપોતાની આગવી શૈલી અને ભાવવિશ્વ દ્વારા સાહિત્યનો અવિરત રસ વરસાવ્યો હતો. આ સત્ર સ્ત્રી જીવનના સંઘર્ષો, મથામણો અને તેની અસીમ શક્તિને વાચા આપતું એક સશક્ત માધ્યમ બની રહ્યું હતું. રજૂ થયેલી કૃતિઓ વિશેની વિસ્તૃત નોંધ નીચે મુજબ છે:



ડૉ. ઉષા ઉપાધ્યાય: તેમણે તેમની ધારદાર અને વિચારપ્રેરક કલમ દ્વારા "શહેરમાં જઈ કેમ વસતો તો" કવિતાથી આધુનિક જીવનની યાંત્રિકતા, માનવીય સંબંધોમાં આવતી શુષ્કતા અને મહાનગરોની એકલતા પર આકરા પ્રહાર કર્યા હતા. વળી, "યુદ્ધ અને કબૂતર" જેવી રચના દ્વારા તેમણે વૈશ્વિક અશાંતિના સમયમાં શાંતિ અને માનવતાનો કરુણ સૂર અત્યંત અસરકારક રીતે રજૂ કર્યો હતો, જેણે સૌના હૃદયને સ્પર્શી લીધા હતા



શ્રી રક્ષા શુક્લા: તેમણે માતૃત્વની પરાકાષ્ઠા અને સ્ત્રીના જીવનમાં આવતા વળાંકોને "મા મને જુએ ને રાજી થાય" જેવી સંવેદનાસભર રચનાથી વણી લીધી હતી. "પડતા ને આખડતા અડધે રસ્તે રાત પડી ગઈ" કવિતા દ્વારા તેમણે જીવનની સંધ્યાકાળે અનુભવાતી એકલતા, વિસરાતા જતા સંબંધો અને છતાં પણ જીવી જવાની અદમ્ય ઈચ્છાને હૃદયસ્પર્શી રીતે રજૂ કરી સમગ્ર સભાગારને ભાવુક કરી દીધું હતું.



શ્રી કાલિન્દી પરીખ: સંવેદનાના અત્યંત નાજુક અને રેશમી તાંતણે ગૂંથાયેલા તેમના કાવ્યો "મહેરબાની" અને "શેતરંજી" એ માનવીય સંબંધોની જટિલતાને આલેખ્યા હતા. તેમણે સ્ત્રીના અંતરમનની ગૂંચવણો અને સામાજિક અપેક્ષાઓ વચ્ચે પીસાતી તેની અસ્મિતાને ખૂબ જ બારીકાઈથી અને કાવ્યાત્મક રીતે વ્યક્ત કરી હતી.



શ્રી પૃથા સોની: ચિંતનાત્મક લય અને તાર્કિક અભિગમ સાથે રજૂ થયેલી તેમની રચનાઓ "કિરતારને નામે" અને "શું કંઈ થઈ શકશે?" એ સાહિત્યમાં એક નવી તાત્વિક ઊંચાઈ ઉમેરી હતી. તેમણે ઈશ્વર, અસ્તિત્વ અને પરિવર્તનની શક્યતાઓ વિશે પાયાના પ્રશ્નો પૂછીને શ્રોતાઓને ઊંડા વિચારમંથનમાં ગરકાવ કર્યા હતા.

શ્રી દેવાંગી ભટ્ટ: તેમણે લોકબોલીના લહેકા, હળવી મર્મયુક્ત રમૂજ અને તળપદી શૈલીના અદભુત સમન્વય સાથે "અવળચંડી બાઈ", "જા તને દીધો ત્રણ માસ હારુ" અને "જો મને ઢોલ વાળો મનીયો ય ગમે છે..." જેવી રચનાઓથી વાતાવરણમાં ઉત્સાહ ભરી દીધો હતો. તેમની પ્રસ્તુતિમાં સ્ત્રીના મૌલિક, મુક્ત અને બિન્દાસ અંદાજની ઝલક જોવા મળી હતી, જેણે સ્ત્રીના આનંદિત સ્વરૂપને ઉજાગર કર્યું હતું.





શ્રી ગોપાલી બુચ: સ્ત્રીના 'મૌન' પાછળ છુપાયેલી ગહન ભાષા અને અવાજને વાચા આપતા તેમણે "ઘૂઘરી" અને "અમારો ખજાનો છે, મૌન જ અમારો" જેવી ગંભીર રચનાઓ રજૂ કરી હતી. તેમણે ખૂબ જ સુંદર રીતે પ્રતિપાદિત કર્યું કે સ્ત્રીનું મૌન એ તેની નબળાઈ કે મજબૂરી નથી, પરંતુ તે તેની સૌથી મોટી આંતરિક તાકાત અને ચિંતનનું પ્રતીક છે.

આ સંમેલને સાબિત કર્યું કે ગુજરાતી કવિતામાં નારી સંવેદનાના અનેક રંગો છે, જે ક્યારેક ક્રાંતિનો પોકાર બને છે તો ક્યારેક મૌનનું અમૃત.

# અધ્યક્ષીય ઉદ્બોધન

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને બિરાજમાન આદરણીય કુલગુરુશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીએ અત્યંત પ્રેરણાદાયી, વિદ્વતાપૂર્ણ અને દીર્ઘદ્રષ્ટિવાળું વક્તવ્ય આપ્યું હતું, જેણે શ્રોતાઓના મન અને



હૃદય બંને પર ઊંડી છાપ છોડી હતી. તેમણે તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સાહિત્ય એ મનોરંજન કે સૌંદર્યલક્ષી પ્રવૃત્તિ હોવાની સાથે-સાથે સમાજનું સાચું દર્પણ છે. સાહિત્યના માધ્યમથી જ્યારે નારીના અંગત અનુભવો, તેના સંઘર્ષો અને તેની આંખોમાં છુપાયેલા અધૂરા સપનાઓને વાચા મળે છે, ત્યારે જ સમાજ વધુ સંવેદનશીલ, જાગૃત અને સમતામૂલક બનવા તરફ ડગ માંડે છે."

તેમણે 'ગાર્ગી' કેન્દ્રના સક્રિય પ્રયાસોની મુક્ત કંઠે પ્રશંસા કરતા કહ્યું કે યુનિવર્સિટીનો ધ્યેય ડિગ્રી કે પાઠ્યપુસ્તકીય જ્ઞાન આપવા પૂરતો મર્યાદિત નથી. સાચું શિક્ષણ એ છે જે સંસ્કૃતિ અને સાહિત્યના સંવર્ધન માટે પણ સંપૂર્ણપણે કટિબદ્ધ હોય. તેમણે ઉમેર્યું કે શિક્ષણ દ્વારા નારીના વ્યક્તિત્વનો જે વિકાસ થાય છે, તેને સાહિત્ય દિશા અને દ્રષ્ટિ પ્રદાન કરે છે, જેથી તે પોતાની શક્તિ ઓળખી શકે. આધુનિક યુગમાં સોશિયલ મીડિયાના પ્રભાવ વચ્ચે યુવા પેઢીને સર્જનાત્મક અભિવ્યક્તિ તરફ વાળવા માટે આવા સાહિત્ય મહોત્સવો અનિવાર્ય છે. તેમણે યુવા સર્જકોને પ્રોત્સાહન આપતા જણાવ્યું કે સાહિત્યનું વાંચન અને સર્જન માનસિક સમતુલા અને સામાજિક જવાબદારીનું ભાન કરાવે છે. તેમણે તમામ કવયિત્રીઓ તેમજ આયોજક ટીમને કાર્યક્રમની ભવ્ય સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે સાહિત્યનો આ દીપ અવિરત પ્રજ્વલિત રહેશે.

## સન્માન, સંશોધન અને ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ

આ સાહિત્યિક મહોત્સવના અવસરે ગહન બૌદ્ધિક પ્રદાનને પણ અત્યંત ગૌરવપૂર્વક બિરદાવવામાં આવ્યું હતું. 'ગાર્ગી' – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અંતર્ગત મહિલાલક્ષી સંશોધન કાર્ય અને શૈક્ષણિક પુસ્તક લેખન જેવા મહત્વના ક્ષેત્રોમાં સંશોધન



ગ્રાન્ટ પ્રાપ્ત કરનાર વિદ્વાન મહિલા લેખિકાઓનું પણ વિશેષ સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સન્માન દ્વારા



સ્ત્રીઓની એકેડેમિક અને સંશોધનાત્મક ક્ષમતાઓને સમાજ સમક્ષ ઉજાગર કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો. સંશોધન અને સાહિત્યના સમન્વયથી કેવી રીતે સામાજિક બદલાવ લાવી શકાય, તેનું આ સન્માન સમારોહ એક જીવંત ઉદાહરણ પૂરું પાડતું હતું.

આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલસચિવશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે યુનિવર્સિટીના વિવિધ વિભાગના નિયામકશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના આદરણીય સભ્યો અને તમામ શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને શિસ્તબદ્ધ રીતે હાજર રહ્યા હતા. શ્રોતાઓથી ખીચોખીચ ભરેલા સભાગારમાં આ તમામ મહાનુભાવોની હાજરી કાર્યક્રમની ગરિમામાં



અનેરો વધારો કરતી હતી. સમગ્ર કાર્યક્રમનું ચોકસાઈપૂર્વકનું અને અત્યંત ઝીણવટભર્યું આયોજન 'ગાર્ગી' કેન્દ્રના સંયોજક પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસના કુશળ માર્ગદર્શન, દીર્ઘદ્રષ્ટિ અને અથાગ પરિશ્રમ હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. તેમના નેતૃત્વ હેઠળ યુનિવર્સિટીની 'ટીમ ગાર્ગી' એ મહિનાઓ સુધી કરેલા પરિશ્રમનું પરિણામ આ ભવ્ય સફળતામાં સ્પષ્ટપણે જોઈ શકાતું હતું.



# સંચાલન, આભારવિધિ અને સફળ સમાપન



સમગ્ર કાર્યક્રમનું અત્યંત સફળ, પ્રભાવશાળી અને લયબદ્ધ સંચાલન ડૉ. હિનાબેન રાવલ ('ગાર્ગી' સહ-સંયોજક અને આસિસ્ટન્ટ પ્રોફેસર - શિક્ષણશાસ્ત્ર) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પોતાની વાણીના પ્રવાહ અને સાહિત્યિક સૂઝબૂઝ દ્વારા કાર્યક્રમના દરેક સત્રને અત્યંત કુશળતાપૂર્વક અને મધુરતાથી એકસૂત્રે જોડ્યા હતા. સંચાલન દરમિયાન તેમણે જે રીતે દરેક વક્તાનો પરિચય આપ્યો અને કવિતાઓની પંક્તિઓ ટાંકીને સભામાં જીવંતતા જાળવી રાખી, તેણે શ્રોતાઓને અંત સુધી જકડી રાખ્યા હતા. શિક્ષણશાસ્ત્રના પ્રોફેસર હોવાના નાતે તેમના સંચાલનમાં શિસ્ત અને સર્જનાત્મકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો, જેણે કાર્યક્રમની ગરિમાને ચાર ચાંદ લગાવી દીધા હતા.



કાર્યક્રમના અંતિમ અને મહત્ત્વપૂર્ણ ચરણમાં ડૉ. ભાગ્યશ્રી રાજપૂત ('ગાર્ગી' સહ-સંયોજક અને આસિસ્ટન્ટ પ્રોફેસર - સમાજશાસ્ત્ર) દ્વારા ભાવસભર આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે આ મહોત્સવને સફળ બનાવવામાં પડદા પાછળ રહીને કામ કરનાર દરેક વ્યક્તિ, સંસ્થા અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વિશેષરૂપે ગુજરાત સાહિત્ય અકાદમીનો આર્થિક અને સાહિત્યિક સહયોગ માટે, તેમજ યુનિવર્સિટીના વહીવટી તંત્રનો ટેકનિકલ અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા બદલ ઋણ સ્વીકાર કર્યો હતો. તેમણે સાહિત્ય દ્વારા નારી સશક્તિકરણની પ્રક્રિયામાં સહભાગી થનાર તમામ શ્રોતાઓ અને વિદ્યાર્થીનીઓના ઉત્સાહને પણ બિરદાવ્યો હતો.

મહોત્સવના મંગલ સમાપન પૂર્વે, સભાગારમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, કર્મચારીઓ અને શ્રોતાઓએ સન્માનપૂર્વક ઊભા થઈને ગરિમાપૂર્ણ રીતે રાષ્ટ્રગાન કર્યું હતું, જેણે દેશભક્તિ અને એકતાનો અદભુત ભાવ જગાડ્યો હતો. ત્યારબાદ, તમામ મહેમાનો માટે આયોજિત સ્નેહભોજન



દરમિયાન પણ સાહિત્યિક ચર્ચાઓ અને વિચારોનું આદાન-પ્રદાન અવિરત ચાલુ રહ્યું હતું, જે સૂચવે છે કે આ મહોત્સવે બૌદ્ધિક સંવાદ માટેની નવી ક્ષિતિજો ખોલી આપી છે. આમ, 'નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ' સ્ત્રી શક્તિની સર્જનાત્મક ઊર્જા, તેની બૌદ્ધિક ક્ષમતા અને ઊંડી સાહિત્યિક સંવેદનાનું એક અવિસ્મરણીય પ્રતિબિંબ બનીને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ મહોત્સવની સ્મૃતિઓ અને




તેમાંથી મળેલી પ્રેરણા લાંબા સમય સુધી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સાહિત્યિક અને સાંસ્કૃતિક ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે, જે આવનારા સમયમાં પણ નારી શક્તિના ઉત્કર્ષ માટે માર્ગદર્શક બની રહેશે.